# ગોરમા બનાવવા મથુરાથી પણ લવાય છે માટી, મહિલાઓ આખો મહિનો કરશે ભક્તિ

મજજેની LIFE

અત્યારે સુરતમાં સૌરાષ્ટ્રવાસી બહુલ એરિયા જેમકે, વરાછા, કાપોદ્રા, કતારગામ, અમરોલી આ વિસ્તારોની મોટાભાગની સોસાયટીઓમાં મહિલાઓ અધિક માસ નિમિત્તે ભેગી થઈને પૂજા, સત્સંગ કરતી જોવા મળી રહી છે. તેમાં આકર્ષણ ગોરમા અને કાંઠાગોરનું હોય છે. ગોરમા કઈ રીતે બનાવવામાં આવે છે, મૂર્તિ બનાવવા માટે કઈ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે, માટી દેશના કેટલાંક સ્થાનોમાંથી પણ લાવવામાં આવે છે તો તે ક્યાંથી લાવવામાં આવે છે, મૂર્તિ બનાવવા કેટલો સમય લાગે છે, ગોરમાનો શણગાર કઈ રીતે થાય છે, આ પૂજાને કારણે મહિલાઓમાં એકતા કઈ રીતે વધે છે? તેના વિશે આપણે જાણીએ...



## ગોરમાની મૂર્તિમાં માટી, સિમેન્ટ, ગંગાજળનો ઉપયોગ

વરાછાના લાભુબેન નાકરાણીએ જણાવ્યું કે, પૂજા કરવા માટે ગોરમાની મથુરા અને વૃંદાવનની માટીથી એક કે બે ફૂટની મૂર્તિ બને. કાળી માટી ઉપરાંત રેતી અને સિમેન્ટ પણ મૂર્તિ બનાવવામાં વપરાય. ગોરમાની પાસે પૂજાતો શાલિગ્રામ પથ્થર હોય જેને પુરુષોત્તમ કહેવાય. ચાર કાંઠાગોર એટલે કે થાંભલી પણ માટીની અને સિમેન્ટની પણ બનાવાય છે. પહેલાના જમાનામાં વડીલો માટીની પાંચ ઢગલી કરી પૂજા કરતા. ગોરમાને સોસાયટીની સ્ત્રીઓ જ ત્રણથી ચાર કલાકમાં બનાવે. અધિક મહિનો દર ત્રીજા વર્ષે આવે ત્યારે આખો મહિનો સ્ત્રીઓ ગોરમા અને પુરુષોત્તમ ભગવાનની પૂજા કરે. અમારી સોસાયટીમાં બનતી ગોરમાની મૂર્તિમાં થોડું ગંગાજળ પણ ઉમેરવામાં આવ્યું છે.

## ગોરમાને પૂજતી મહિલાઓને ગોપીઓ કહેવાય, ઘરેણાનો શણગાર



અમરોલી વિસ્તારના ચંપાબેન સોરઠીયાએ જણાવ્યું કે, અધિક માસ 30 દિવસનો હોય. આ દિવસોમાં ગોરમાનું પૂજન કરતી તમામ સ્ત્રીઓને ગોપીઓ કહેવાય. અમે ગોરમાની મૂર્તિ બનાવવા માટે ખેતરની કાળી માટીનો ઉપયોગ કરીએ અને તેમાં થોડું ગંગાજળ ઉમેરીએ. ગોરમાને ઘરેણા, ચાંદલો, બંગડી, કાનની બુટ્ટી, હાર, ચૂંદડીનો શણગાર કરાય છે. ઘરેણાં પણ સોસાયટીની મહિલાઓ જાતે બનાવે અથવા માર્કેટમાંથી તૈયાર લાવે. આ ઘરેણા મોતી, ડાયમંડ, પિત્તળ જેવી ધાતુના હોય. ચારે કાંઠાગોરને ફરતે આંટા ફરીને કાચા સૂતરની ચૂંદડી ઓઢાવે. રૂનો નાગલો બનાવી પુરુષોત્તમ ભગવાનને ઓઢાવાય.

## આ પૂજાને કારણે મહિલાઓમાં એકતા જોવા મળે, નદીમાં વિસર્જન



પાલ વિસ્તારના વર્ષાબેન ઘેટિયાએ જણાવ્યું કે, પુરુષોત્તમ માસમાં ગોરમાં અને પુરુષોત્તમ ભગવાનની પૂજા કરવા સોસાયટી, એપાર્ટમેન્ટની મહિલાઓ રોજ ભેગી થતી હોય એટલે તેમનામાં એકતા જોવા મળતી હોય. ગોરમાની મૂર્તિ બનાવવા ખેતરની કાળી માટી, કીડીઓ દ્વારા બનાવવામાં આવતા દર એટલે કે રાફડાની માટી અને સિમેન્ટનો ઉપયોગ થાય છે. ત્રણ-ચાર કલાકમાં ગોરમાની મૂર્તિ બને છે. તેની આંખો કોડીથી બનાવાય છે. 30 દિવસની પૂજા બાદ નદીમાં તેનું વિસર્જન કરવામાં આવે છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**




## લડે છે અમેરિકા અને ઈરાન, વધતા પેટ્રોલના ભાવે લઈ લીધી ભારતીયોની જાન...


કહેવાય છે ક્રુડ ઓઈલ પણ બની રહ્યું છે ક્રુલ, વૈશ્વિક લડાઈઓમાં ભારતનો મરો થઈ રહ્યો છે બિલકુલ... હતો જે ભાવ પેટ્રોલનો રૂપિયા 90ને પાર, આજે તે વધીને પહોંચી ગયો છે સદીને પાર... છે પેટ્રોલ બળતણ અને લગાડે આગ એન્જિનમાં, પણ વધતા ભાવોએ લગાડી દીધી છે આગ ભારતીયોના તન-મનમાં... ક્યાં અટકશે આ ભાવવધારાની રેલી, લોકો ઈચ્છે છે કે બંધ જલ્દી થાય આ યુદ્ધની 'હેલી'... અપાઈ રહ્યું છે પેટ્રોલ રેશનિંગમાં, કેવી રીતે ફરવા જવું વેકેશનમાં... પેટ્રોલ-ડીઝલના ભાવવધારાએ વધારી છે મોંઘવારી, કેવી રીતે જીવાશે જો આમ જ વધતો રહેશે ભાવ વારી-વારી... સરકારો પણ રાખે છે એકતરફી વલણ, વધે જો ભાવો તો વધારે છે ભાવો પેટ્રોલના પણ જો ઘટે ભાવો તો નથી ઘટાડવામાં આવતાં ભાવ આ બળતણના... પીસાવાનું છે લોકોએ જ ચાહે ભાવ વધે કે ઘટે પેટ્રોલ-ડીઝલના...

## સ્ટાઇલિશ સુરતીઓની લેવિશ લાઇફસ્ટાઇલ...

# ઘરમાંજ હોય સ્વિમીંગ પૂલ તો બીજે જવાનુંજ કેમ?

ઘણાં સુરતીઓની લાઈફસ્ટાઈલ ઘણી લેવીશ બની છે. સુરતમાં એવા લેવીશ બંગલા, આલીશાન અને ભવ્ય ફ્લેટસ છે જેમાં પર્સનલ સ્વિમિંગ પુલ હોય છે જે લક્ઝ્યુરિયસ લાઈફસ્ટાઈલ નો ભાગ ગણાય. કોઈ વ્યક્તિ આવા બંગલા કે ફ્લેટ્સમાં પગ મૂકે અને સ્વિમિંગ પુલ પર નજર પડે એટલે પહેલો શબ્દ મોઢામાંથી આ જ સરી પડશે 'Wow'. શોખીન લોકો બંગલા કે ફ્લેટ્સમાં સ્વિમિંગ પુલ કેવળ સ્વિમિંગ શીખવા કે કોચિંગ માટે નથી બનાવતા પણ ફ્રેન્ડ્સ સાથે પુલ પાર્ટી પણ કરતા હોય છે. હાઈફાઈ લાઈફ જીવતા લોકોને બહારના સ્વિમિંગ પુલમાં સ્વિમ કરવું હાઈજીનિક નથી લાગતું એટલે તેઓ પોતાના ઘરોમાં બ્યુટીફૂલ લાગે તેવા સ્વિમિંગ પુલ બનાવે છે. હવે તો બિલ્ડર્સ પણ એવા ફ્લેટ્સ બાંધે છે કે જેમાં સ્વિમિંગ પૂલની ફેસાલીટી હોય. અત્યારે તો ગરમીનો પારો 42 ડિગ્રીને પાર ગયો છે એટલે જેમના ઘરમાં સ્વિમિંગ પુલ છે તેઓ તો સ્વિમિંગ પુલમાં ઉતરીને ઠંડા ઠંડા કૂલ કૂલનો અહેસાસ ઘરમાં જ કરી શકે છે. ચાલો આપણે જાણીએ કે, આ લોકોને સ્વિમિંગ પૂલને મેઈન્ટેન રાખવું ખર્ચાળ નહીં લાગતું હોય, તેનું પાણી ક્લીન રાખવા શું વ્યવસ્થા કરાય છે, ગરમીમાં તે કેટલાં ઉપયોગી છે?...



## રવિવારે બાળકો સાથે સ્વિમિંગ પુલમાં ઉતરી મોજમસ્તી થાય



બીજા લોકોના ઘરોમાં કદાચ ગાર્ડન કે પછી ઘરની ટેરેસ પર સ્વિમિંગ પૂલ હશે પણ ડૉ. પ્રભાકર સિંહના બંગલામાં લિવિંગ એરિયામાં સ્વિમિંગ પૂલ છે. તેઓ જણાવે છે કે, મારી વાઈફ ડૉ. પૂજાને અને મને સ્વિમિંગનો શોખ છે. વળી, મારો મોટો દીકરો તો સ્વિમિંગમાં ચેમ્પિયન છે. તો ઘરમાં સ્વિમિંગ પૂલ હોય જ ને. રવિવારે અમે આખી ફેમિલી સ્વિમિંગ પુલમાં ઉતરીને સ્વિમ કરવાની સાથે મોજમસ્તી અને અલકમલકની વાતો કરીએ. ફ્રેન્ડ્સ કે ઓળખીતાઓને અમારા લિવિંગ રૂમમાં સ્વિમિંગ પૂલ જોઈને નવાઈ લાગે પણ પછી તેમને ખ્યાલ આવી જાય કે જો બંગલાની બહાર સ્વિમિંગ પૂલ હોય તો વિવિધ કારણોસર વાપરવામાં તકલીફ પડી શકે. અમારા ઘરના પેટ્સને પણ સ્વિમિંગ પૂલમાં ઉતરતા ગરમીથી રાહત મળે. સ્વિમિંગ પૂલનું મેઈન્ટેનન્સ બહુ નહીં આવે. પાણી રિસાયકલ કરીએ અને ઓઝોન પ્લાન્ટને કારણે ક્લોરીનની સ્મેલ નહીં આવે. અઠવાડિયામાં એકવાર કેમિકલ નાખવામાં આવે એટલે પાણી ક્લીન રહે. હું મારા ફ્રેન્ડ્સ સાથે પણ મારા ઘરમાં પૂલ પાર્ટી કરું. લિવિંગ એરિયામાં બેઠા હોઈએ ત્યારે સ્વિમિંગ પૂલનો નજારો ખૂબ જ બ્યુટીફૂલ લાગે.



## મિત્રો અને તેમના બાળકો પણ સ્વિમિંગ પૂલની મજા લે

ઈનહાઉસ સ્વિમિંગ પૂલ હોય તો તે પર્સનલ હોય અને હાઈજિનિક હોય. ગરમીમાં સ્વિમિંગ પૂલમાં ઉતરો અને ઠંડા થઈ જાઓ. આ શબ્દો છે ડૉ. દિનેશ ભુત્રાના. તેમના ઘરમાં સાડા ત્રણ, ચાર ફૂટની હાઈટનો સ્વિમિંગ પૂલ છે. ડૉ. ભુત્રાએ જણાવ્યું કે, સૌથી અગત્યનું એ છે કે, છત નીચે સ્વિમિંગ પૂલ હોવાથી તડકો નથી આવતો અને ઘરમાં જ ફિલ્ટર લાગેલું છે જેને કારણે પાણી ક્લીન રહે છે. મેઈન્ટેનન્સ ખર્ચ બહુ નથી આવતો. કોચ બોલાવીને શીખવા જેટલો મોટો સ્વિમિંગ પૂલ નથી પણ ઘરમાં સ્વિમિંગ પૂલ જોઈને મારા ફ્રેન્ડ્સ આશ્ચર્યચકિત થઈ જાય અને તેઓ પણ સ્વિમિંગ પુલનો આનંદ લેવાની ઈચ્છા વ્યક્ત કરે અને એ આનંદ લે પણ ખરા. સ્વિમિંગ કરવું એ પણ એક કસરત જ છે એટલે હું અને મારા ફાધર ઘરના જ સ્વિમિંગ પૂલમાં સ્વિમિંગ કરીને કસરત કરી લેતાં હોય છે.




## ઘરમાં થર્ડ ફ્લોર પરનું સ્વિમિંગ પૂલ ગ્રેવીટી ઓપરેશનલ સિસ્ટમનું છે



સામાન્ય રીતે જો કોઈના ઘરમાં સ્વિમિંગ પૂલ હોય તો તે નીચેના ફ્લોર પર હોય પણ જીજ્ઞેશભાઈ ઠક્કરના ઘરનું સ્વિમિંગ પૂલ થર્ડ ફ્લોર પર છે. તેમણે જણાવ્યું કે, ઉનાળામાં ઘરના સ્વિમિંગ પુલમાં ઉતરીને ઠંડક પણ મેળવી શકાય અને હાઈજીનિક પણ હોય. જો વોટર પાર્કમાં જઈએ ત્યાં પ્રાઈવસી અને હાઈજીનનું ધ્યાન રાખવું પડે. ઘરના સ્વિમિંગ પૂલમાં પર્સનલ સ્પેસ મળે અને સાથે ફેમિલી સાથે ટાઈમ સ્પેન્ડ કરીએ એટલે બોન્ડિંગ પણ ડેવલપ થાય. અમારું સ્વિમિંગ પૂલ ગ્રેવીટી ઓપરેશનલ સિસ્ટમ પર કામ કરે છે. તેમાં એકવાર વપરાયેલું પાણી રિસાયકલિંગ થઈને બીજા ટેન્કમાં જાય અને પછી તે પાણી બાથરૂમમાં ફ્લશ કરવા અને ગાર્ડનમાં વપરાય. આમા મેઈન્ટનસ ખર્ચ નહિવત છે. જ્યારે ઘરે ફ્રેન્ડ્સ, રિલેટિવ્ઝ કે ઓળખીતા આવે અને થર્ડ ફ્લોર પર સ્વિમિંગ પૂલ જુએ ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ જાય છે.

**સુરત શહેરનું રક્ષણ કરતી શહેરપનાહ અને આલમપનાહ એવી દીવાલો હતી કે જેણે સૂરતને અનેક આફતોથી બચાવ્યા અને સૂરતનું રક્ષણ કર્યું. જો કે આ દિવાલોનો ઈતિહાસ શહેરના વિકાસમાં દફન થઈ ગયો. તો જાણીએ કેવી રીતે શહેનશાહ ઔરંગઝેબના કહેવાથી 'બંદર મુબારક'નું રક્ષણ કરવા મોગલ મુત્સદ્દી ગ્યાસુદ્દીન ખાને આ કોટ ચણાવ્યો અને તેની અંદરના પરાંઓનું રક્ષણ આજે જેને શહેર દરવાજાઓ તરીકે જાણે છે એ દરવાજાઓ પર તોપ અને બંદૂકના બાંકાઓ ચણાવી કર્યું...**

# શહેરપનાહ અને આલમપનાહઃ જૂનાં સૂરતનું રક્ષણ કરતી નામશેષ થઈ ગયેલી દીવાલો




૬ જાન્યુઆરી, ૧૬૬૪નો એ દિવસ ઇતિહાસના પાના પર અંકિત છે, જ્યારે છત્રપતિ શિવાજી મહારાજે મોગલ શાસિત સુરતમાં લૂંટ ચલાવી હતી. સુરત જેવું ધનાઢ્ય શહેર આટલી આસાનીથી લૂંટાઇ ગયું, તેની પાછળ તત્કાલીન મોગલ મુત્સદ્દી (ગવર્નર) ઈનાયતખાનની ગંભીર બેદરકારી જવાબદાર હતી. શિવાજી મહારાજ ગણદેવી સુધી પહોંચી ગયા ત્યાં સુધી ઈનાયતખાન એવા ભ્રમમાં રહ્યો કે મહારાષ્ટ્ર છોડીને મરાઠાઓ મોગલોના આ ગઢ પર આક્રમણ નહીં કરે. પણ જ્યારે સુરત પર વીજળી ત્રાટકી, ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. આ ક્ષતિ બદલ શહેનશાહ ઔરંગઝેબે ઈનાયતખાનને પદભ્રષ્ટ કરી, રિઆયાત ખાન અને ત્યારબાદ ગ્યાસુદ્દીનખાનને સુરતની કમાન સોંપી.

નવા ગવર્નર ગ્યાસુદ્દીનખાને દૂરંદેશી વાપરીને 'બંદર મુબારક-સૂરત'ના કાયમી રક્ષણ માટે શહેનશાહના હુકમથી જ એક વિશાળ સુરક્ષા કવચ બનાવવાનું નક્કી કર્યું. ઈ.સ. ૧૬૬૪માં શહેરના મધ્યભાગને ઘેરી લેતી ઈંટ અને માટીની એક મજબૂત દીવાલ ચણાવવામાં આવી, જેને નામ અપાયું "શહેરપનાહ"– એટલે કે 'શહેરને આશ્રય આપનારી દીવાલ'. આ દીવાલની પહેલી ઈંટ વરિયાવી ભાગોળે મૂકાઈ હતી. અર્ધવર્તુળાકારે ફેલાયેલી આ દીવાલ સામાન્ય રીતે ૨૦ ફૂટ ઊંચી અને ૮.૫ ફૂટ પહોળી હતી, જ્યારે કેટલીક સંવેદનશીલ જગ્યાઓએ તેની ઊંચાઈ ૪ ફૂટ અને પહોળાઈ ૧૨ ફૂટ જેટલી રાખવામાં આવી હતી.

આ દીવાલની સુરક્ષા હેઠળ ૧૨ પ્રવેશદ્વારો એટલે કે ભાગોળો આવેલી હતી. ઉત્તરથી પૂર્વ તરફ વળાંક લેતી આ ભાગોળોમાં વરિયાવી, સૈયદપુરા, બરાનપુરી, નવસારી, મજૂરા, મક્કાઈ, બાદશાહી, ડક્કાની ભાગોળ, રાજા ઓવારાની ભાગોળ, ફૂરજાની ભાગોળ, મીર બેહેર, મુલ્લાં ખડકી અને લાટીની ભાગોળનો સમાવેશ થતો હતો. દરેક ભાગોળની ઉપર સુરક્ષાકર્મીઓની બેઠક અને બે પડખે મજબૂત બુરજો હતા, જ્યાંથી શત્રુઓ પર તોપમારો ચલાવવા માટે ખાસ બારીઓ રાખવામાં આવી હતી. અંગ્રેજોના શાસનકાળ સુધી આ બુરજો અડીખમ દેખાતા હતા. આ કિલ્લાની અંદર ચોકબજાર, મુલ્લાં ચકલો, માછલીપીઠ, રાણી તળાવ, રહીઆ સોનીનો ચકલો, ભાગાતળાવ, ગોપીપરૂં, વાડીફળિયું, ખપાટિયા ચકલો, સંઘાડિયાવાડ, બડેખાંનો ચકલો અને આસુર બેગનો ચકલો જેવા હૃદયસમા વિસ્તારો સુરક્ષિત ધબકતા હતા.




કાળક્રમે સુરતનો વ્યાપ વધ્યો અને પરાંઓ બહાર સુધી ફેલાયા. આથી, ઈ.સ. ૧૭૧૫માં હૈદરકુલીખાને સમગ્ર વિસ્તૃત શહેરને સુરક્ષિત કરવા બહારની બીજી દીવાલ બનાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો. સુરતના પવિત્ર વાલી સૈયદ અકિલખાનના હસ્તે તેની પ્રથમ ઈંટ મૂકાઈ. આ દીવાલ સમગ્ર જનમેદની એટલે કે આખી આલમને રક્ષણ આપતી હોવાથી તેનું નામ પડ્યું "આલમપનાહ". આ મહાકાય દીવાલના નિર્માણ માટે સુકાઈ ગયેલા ઐતિહાસિક ગોપી તળાવના પથ્થરો ખોદી કાઢીને વાપરવામાં આવ્યા હતા. માત્ર બે વર્ષમાં દિલ્હી દરવાજા સુધીનો કોટ ચણાઈ ગયો. ૧૭૨૧માં નવા મુત્સદ્દી તહવ્વૂરખાન ઇલકાબધારી શુક્રુલ્લાબેગે આ કામને આગળ ધપાવ્યું. ઈ.સ. ૧૭૩૮માં લાલ દરવાજો અસ્તિત્વમાં આવ્યો, છતાં નાનપરા તરફનો કેટલોક ભાગ બાકી હતો, જે અંતે ૧૭૬૨માં ત્યાં વસતા ડચ (વલંદા) લોકોએ પૂરો કર્યો.

**આ ક્ષતિ બદલ શહેનશાહ ઔરંગઝેબે ઈનાયતખાનને પદભ્રષ્ટ કરી, રિઆયાત ખાન અને ત્યારબાદ ગ્યાસુદ્દીનખાનને સુરતની કમાન સોંપી**

૨૦ ફૂટ ઊંચી અને ૮ ફૂટ પહોળી આલમપનાહ દીવાલ પર પણ તોપો ચઢાવવા માટે નવસારી અને દિલ્હી દરવાજા પાસે ઊંચા બુરજો તેમજ સૈનિકો માટે બંગલીઓ બનાવવામાં આવી હતી. ભીંતોમાં બધી દિશામાં રાઇફલથી ગોળીબાર કરી શકાય તેવા ખાસ 'બાકાં' (લૂપહોલ્સ) રાખવામાં આવ્યા હતા. આ દીવાલ બનતા જ બહાર વસતા ૧૪ પરાંઓના લોકોને મોટો આશરો મળ્યો. આ ભવ્ય સ્થાપત્ય વિશે વિદેશી પ્રવાસી થેવેનોએ નોંધ્યું છે કે, "૧૦ × ૧૦નો આ કોટ ઈંટથી બંધાય છે. તે મુખ્ય કિલ્લાની એટલો નજીક છે કે કિલ્લાની તોપો આખા વિસ્તાર પર વાદળની જેમ નજર રાખે છે. જોકે, આ કોટને કારણે શહેરની કેટલીક વસ્તી બહાર પણ ફેંકાઈ ગઈ છે." આજે આ દીવાલો ભલે સૂરતના નકશામાંથી નામશેષ થઈ ગઈ હોય, પણ ઇતિહાસના દસ્તાવેજોમાં તેની ભવ્યતા આજેય અકબંધ છે.

વારસાની વરિયાળી

**જેમણે શહેરપનાહનું નિર્માણ કરાવ્યું - ગ્યાસુદ્દીનખાન. તેમનાં નામ પરથી સૂરતનું એક પરું પણ વસ્યું છે, ગ્યાસુદ્દીનપરું. જે હાલ ધાસ્તીપરાં તરીકે ઓળખાય છે.**